રિઝર્વ બેન્કે રેપો, રિઝર્વ રેપો રેટ જાળવી રાખ્યો

લોન લેનારાના ઈએમઆઈ પર અસર નહીં થાય, નાણાકીય વર્ષ ૨૦૨૨ના ચોથા ક્વાર્ટરમાં હેડલાઇન ફુગાવો ટોચ પર રહેવા અંગેની ધારણા

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ ગુરુવારે તેની દ્વિ-માસિક નીતિની જાહેરાત કરી. સેન્ટ્રલ બેંકે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી અને તેને ચાર ટકા પર યથાવત રાખ્યો છે. આ સાથે આરબીઆઈએ રિવર્સ રેપો રેટ પણ ૩.૩૫ ટકા પર જાળવી રાખ્યો છે. આ વર્ષના બજેટ પછી કેન્દ્રીય બેંકની પ્રથમ અને આ નાણાકીય વર્ષની છેલ્લી દ્વિમાસિક નાણાકીય નીતિ છે.

એમપીસીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપતા આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસેકહ્યું કે અમે આર્થિક પ્રવૃત્તિમાં વિક્ષેપ ઓછો કરવા માટે પગલાં લીધાં છે. સીપીઆઈ ફુગાવો વધુ રહ્યો પરંતુ તે અપેક્ષા મુજબ હતો. કોર ફુગાવો પણ ઊંચો રહ્યો છે અને નાણાકીય વર્ષ ૨૨ ના ચોથા ક્વાર્ટરમાં હેડલાઈન ફુગાવો ટોચ પર રહેવાની ધારણા છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩ માટે ફુગાવાનો લક્ષ્યાંક ઘટાડીને ૪.૫ ટકા કરવામાં આવ્યો છે.

આગામી નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ફુગાવો ૪.૯%, બીજા ક્વાર્ટરમાં ૫%, ત્રીજા ક્વાર્ટરમાં ૪% અને ચોથા ક્વાર્ટરમાં ૪.૨% રહેવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા રહેવાની ધારણા છે.

એવું માનવામાં આવતું હતું કે મોંઘવારી અંગે વધતી ચિંતાઓ વચ્ચે આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) પોલિસી રેટ યથાવત રાખી શકે છે.સેન્ટ્રલ બેન્કની છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીની બેઠક મંગળવારથી શરૂ થઈ હતી અને આજે આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોની જાણકારી આપી હતી. આ બેઠક ૭ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાવાની હતી. પરંતુ સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરના નિધનને કારણે મહારાષ્ટ્ર સરકારે ૭ ફેબ્રુઆરીને જાહેર રજા જાહેર કરી હતી. આ પછી, આરબીઆઈએ બેઠકને એક દિવસ આગળ વધારી દીધી હતી.

એનાલિસ્ટો અને ઉદ્યોગ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આરબીઆઈ પોલિસી દરોમાં ફેરફાર કરે તેવી શક્યતા નથી અને એપ્રિલમાં દરમાં વધારો કરી શકે છે. આ પહેલા પણ સેન્ટ્રલ બેંકે સતત નવ વખત પોલિસી રેટમાં ફેરફાર કર્યો ન હતો. હાલમાં રેપો રેટ ૪ ટકા અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા છે. મધ્યસ્થ બેંકે છેલ્લે ૨૨ મે ૨૦૨૦ના રોજ વ્યાજ દરોમાં ફેરફાર કર્યો હતો.

હવે માત્ર ૮ મહાનગરોમાં રાત્રે ૧૨ થી સવારે પાંચ વાગ્યા સુધી જ રાત્રિ કરફ્યુ

ગુજરાતમાં ૧૯ શહેરોમાંથી સરકારે હટાવ્યો નાઈટ કરફ્યુ : ૮ મહાનગરોમાં ૧૮મી ફેબ્રુઆરી સુધી રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુ અમલમાં રહેશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી

ગાંધીનગર, તા.૧૦

આજે ગુજરાત સરકારે કોરોના સંક્રમણ હળવું થતાં રાજયમાં ચાલી રહેલા નિયંત્રણોમાં હળવી છૂટછાટ આપી છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજયમાં કોરોના સંક્રમણ નિયંત્રણ સ્થિતિની સમીક્ષા હાથ ધરીને કેટલાક નિયંત્રણો હળવા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોર કમિટીમાં લેવાયેલા નિર્ણય અનુસાર હવે ૧૧ ફેબ્રુઆરીથી રાજયના માત્ર ૮ મહાનગરોમાં આગામી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી દરરોજ રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુ અમલમાં રહેશે. જ્યારે આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે.

મહત્વનું છે કે ગુજરાત સરકારે ૧૯ નગરોમાંથી નાઈટ કર્ફ્યૂમાં હટાવવાનો નિર્ણય લીધો છે. નવી ગાઈડલાઈનમાં ૧૯ નગરોને નાઈટ કર્ફ્યૂમાંથી મુક્તિ આપી છે. જેમાં આણંદ, સુરેન્દ્રનગર, નડિયાદ, ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, ધોરાજી, ગોંડલ, ગોધરા, વિજલપોર(નવસારી), જેતપુર, કાલાવડ, નવસારી, બીલીમોરા, વ્યારા, વાપી, વલસાડ, ભરૂચ અને અંકલેશ્વરનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય છે કે, આઠ મહાનગરમાં રાત્રી કર્ફ્યૂ રાત્રે ૧૨ વાગ્યાથી સવારે પાંચ વાગ્યા સુધી રહેશે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે. કોરોનાના કેસ ઘટતા સરકારે આઠ મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂમાં બે કલાકનો ઘટાડો કરાયો છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૩,૮૬૬ ગંગા સ્વરૂપા મહિલાઓને

જાન્યુઆરી- ફેબ્રુઆરી માસમાં ૮.૯૮ કરોડની આર્થિક સહાય અપાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કુલ ૩૩,૮૬૬ ગંગા સ્વરૂપ મહિલાઓને જાન્યુઆરી- ફેબ્રુઆરી- ૨૦૨૨ માસમાં એરિયર્સ સાથે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરથી રૂપિયા ૮.૯૮ કરોડની સહાય સીધા જ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે, તેવું મહિલા અને બાળ અધિકારી એન.જે. ગામીએ જણાવ્યું છે.

મહિલા અને બાળ અધિકારી એન.જે. ગામીએ જણાવ્યું છે કે ગંગા સ્વરૂપ મહિલાઓને રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા દર માસે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ રૂપિયા ૧૨૫૦/-ની પેન્શન સહાય આપવામાં આવે છે. જેથી નિરાધાર ગંગા સ્વરૂપ મહિલાઓને આર્થિક સહાય મળવાથી તેમને આર્થિક સહકાર મળી રહે છે.

સરકાર દ્વારા ૨૧ વર્ષની હયાત પુત્રની મર્યાદા માર્ચ-૨૦૧૯ બાદ દૂર કરતા લાખો મહિલાઓને આજીવન પેન્શન મળતું થયું છે. માર્ચ-૨૦૧૯માં ગાંધીનગર જિલ્લામાં માત્ર ૨૩૪૦ વિધવા બહેનો પેન્શન મેળવતી હતી. ત્યારબાદ યોજના સુધારો થતા જાન્યુઆરી- ૨૦૨૨ અંતિત ૩૩,૮૬૬ મહિલાઓ પેન્શન મેળવે છે. ગાંધીનગર જિલ્લાની ૩૩,૮૬૬ ગંગા સ્વરૂપ મહિલાઓને જાન્યુઆરી- ફેબ્રુઆરી- ૨૦૨૨ના માસમાં તેમના બેંક ખાતામાં ૮ કરોડથી વધુની સહાય જમા કરાવવામાં આવી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૨૨૭૫ કેસ

હાલ કુલ ૨૧૪૩૭ એક્ટિવ કેસ છે, જે પૈકી ૧૪૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૨૧૨૯૪ સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં આજે કોરોનાના આંકડાઓમાં ફરી એકવાર ઘટાડો આવ્યો હતો. આજે કોરોનાના નવા ૨૨૭૫ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ આજે ૮,૧૭૨ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૧,૭૮,૨૮૯ દર્દીઓ રિકવર થયા હતા. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૭.૩૪ ટકાએ પહોંચ્યો હતો. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૧,૬૬,૬૧૦ રસીના ડોઝ અપાયા હતા. હાલ કુલ ૨૧૪૩૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૪૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૧૨૯૪ સ્ટેબલ છે. બીજી તરફ ૧૧,૭૮૨૮૯ દર્દીઓ રિકવર થઈ ચુક્યાં છે.

કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦,૭૬૧ દર્દીઓનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૨૧ નાગરિકોનાં મોત થયા છે. આજના ગુજરાતમાં કોરોનાના નવા ૨૨૭૫ કેસની વાત કરીએ તો, ૨૧ દર્દીના મોત થયા છે, જ્યારે કેસમાં અમદાવાદમાં ૭૧૭, વડોદરામાં ૩૯૧, ગાંધીનગરમાં ૧૪૩ કેસ, સુરતમાં ૧૫૦, રાજકોટમાં ૧૨૯, ભાવનગરમાં ૩૧ કેસ, મહેસાણામાં ૯૬, બનાસકાંઠામાં ૯૦, પાટણમાં ૫૨ કેસ, તાપીમાં ૪૭, સાબરકાંઠામાં ૪૫, આણંદમાં ૪૨ કેસ, કચ્છમાં ૩૧, ખેડામાં ૨૮, ભરૂચમાં ૨૬ કેસ, નવસારી - પંચમહાલમાં ૨૪ - ૨૪ કેસ, અમરેલીમાં ૨૩, અરવલ્લીમાં ૨૧, જામનગરમાં ૩૨ કેસ, દાહોદમાં ૧૯, મોરબીમાં ૧૭, છોટાઉદેપુરમાં ૧૫ કેસ, દ્વારકામાં ૧૪, મહિસાગરમાં ૧૩, સુરેન્દ્રનગરમાં ૧૧ કેસ, ડાંગમાં ૯, વલસાડમાં ૮, ગીરસોમનાથ - નર્મદા ૭ - ૭ કેસ અને બોટાદમાં ૧, પોરબંદરમાં ૧ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૯ ને પ્રથમ અને ૩૧ ને બીજો ડોઝ અપાયો હતો.

૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૨૮૮૧ ને પ્રથમ અને ૧૩૦૩૩ ને બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૩૧૧૬ ને પ્રથમ અને ૩૭૫૪૪ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના તરૂણો પૈકી ૧૧,૫૬૪ ને પ્રથમ અને ૫૫,૯૦૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૩૨,૫૧૬ ને પ્રિકોર્શન ડોઝ અપાયા હતા. આ પ્રકારે કુલ ૧,૬૬,૬૧૦ કુલ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૦,૦૫,૧૦,૪૨૧ રસીના ડોઝ અપાયા હતા.

લખીમપુર ખીરી હિંસા કેસના આરોપી આશીષ મિશ્રાને જામીન

કેન્દ્રીય ગૃહમંત્રીનો પુત્ર કેસનો મુખ્ય આરોપી છે : ઉત્તર પ્રદેશમાં પહેલા તબક્કાના મતદાનના દિવસે આશીષને જામીન પર મુક્ત કરવામાં આવ્યો

અલ્હાબાદ, તા.૧૦

લખીમપુર ખીરી હિંસાના

આરોપી આશીષ મિશ્રાને હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવા આદેશ કર્યો છે. આશીષ કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા 'ટેની'નો દીકરો તેમજ લખીમપુર ખીરી દુર્ઘટનાનો મુખ્ય આરોપી છે. યુપીમાં આજે પહેલા તબક્કાનું મતદાન થયું છે તે જ દિવસે આશીષને જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે યુપી વિધાનસભા ચૂંટણીમાં આજે પશ્ચિમ યુપીમાં વોટિંગ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, ૦૩ ઓક્ટોબરના રોજ લખીમપુ ખીરીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પર કાર ચઢાવી દેવાનો આશીષ પર આરોપ છે, જેમાં ચાર ખેડૂત અને એક પત્રકારનું મોત થયું હતું.

સમગ્ર દેશમાં ચકચાર મચાવનારી લખીમપુર ખીરીની ઘટનામાં યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યની મુલાકાતનો ખેડૂતો વિરોધ કરી રહ્યા હતા. તે વખતે જ તેમની રેલી પર ગાડીઓનો કાફલો ચઢાવી દેવાયો હતો. જેમાં ચાર ખેડૂત ગાડી નીચે કચડાઈ મોતને ભેટ્યા હતા. કાફલામાં સામેલ એક કાર કેન્દ્રિય મંત્રી ટેનીની પણ હતી. આ ઘટનાની તપાસ માટે જૂંનું ગઠન કરાયું હતું, જેણે ટેનીના દીકરાને કેસનો મુખ્ય આરોપી ગણાવ્યો હતો. વિપક્ષો દ્વારા આ મામલે ટેનીની હકાલપટ્ટી કરવાની માગ કરાઈ હતી, પરંતુ તેઓ હાલ પણ કેન્દ્ર સરકારમાં મંત્રી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ સા.આ. કેન્દ્ર છાલાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે આજરોજ છાલા આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીએ ઓ.પી.ડી. વિભાગ, એક્સ-રે રૂમ, ડ્રગ્સ રૂમ, લેબોરેટરી રૂમ, સી.એમ. ટી. સી.ની મુલાકાત લઈ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે અતિ કુપોષિત બાળકોને જ્યાં દાખલ કરી સારવાર આપવામાં આવે છે તે ઝરૂઝ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. ઝરૂઝમાં રાખવામાં આવતા ૧૦ બેડોનો મહત્તમ ઉપયોગ થાય તે અર્થે સ્ટાફને ભારપુર્વક જણાવ્યું હતું. સા.આ. કેન્દ્ર અને ઝરૂઝને વધુ સુશોભિત કરી દર્દી અને લાભાર્થીઓને

ગુણવત્તાસભર સારવાર મળી રહે તે માટે જરૂરી સુધારા વધારા કરવા સૂચનો કર્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારીએ આવનારા દિવસોમાં સા.આ. કેન્દ્રને દ્ગઊછજી સર્ટીફાઈડ કરવા માટે સઘન પ્રયત્નો કરવા ખાસ જણાવ્યું હતું. આરોગ્ય કેન્દ્રની મુલાકાત બાદ અધિક્ષક, તાલુકા આરોગ્ય અધિકારી, મેડિકલ ઓફીસર,આયુષ મેડિકલ ઓફીસર, સ્ટાફ નર્સ, આશાબહેનો અને આરબીએસકે ટીમ, ઝરૂઝ સ્ટાફ સાથે સમીક્ષા બેઠક કરી હતી. બેઠકમાં વિવિધ માહિતી મેળવી યોગ્ય ચર્ચા કરી હતી. ચર્ચા દરમ્યાન યોગ્ય જરૂરી સુચનો કર્યા હતા. આ મુલાકાત દરમ્યાન જિલ્લાકક્ષાએથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ નાયક અને ડૉ. ચેતન વ્યાસ, અધિક્ષક, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સહકાર વિભાગની ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદમાં સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા-સ્પીપા ખાતે આયોજીત બે દિવસીય સહકાર વિભાગની ચિંતન શિબિરના બીજા દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આ ચિંતન શિબિરમાં પ્રાકૃતિક ખેતીની આવસ્યકતાઓને લઈને તજજ્ઞો દ્વારા જે વિચારો રજૂ કરવામાં આવી રહ્યા છે તે ખરેખર પ્રશંસનીય છે. ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે એમ તેમણે ઉમેર્યુ હતુ.

રાજ્યપાલશ્રીએ રાજ્યના સહકાર વિભાગના ઉચ્ચ અધિકારીઓની ચિંતન શિબિર અને આઈસીએઆર તેમજ એગ્રીકલ્ચર ટેકનોલોજી એપ્લિકેશન રિચર્સ ઈન્સ્ટિટ્યુટ-અટારી પુણે ખાતે યોજાયેલી 'સ્વસ્થ રાષ્ટ્ર હેતુ પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા'માં ઉપસ્થિત ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવા એમ ૩ રાજ્યોના ૮૨ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકોને પણ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંયુક્ત રીતે સંબોધન કર્યુ હતુ.

આ અવસરે રાજ્યપાલશ્રીએ સહકાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજ્યના જિલ્લા સહકારી રજિસ્ટ્રારશ્રીઓ તેમજ ઉપસ્થિત કૃષિ વૈજ્ઞાનિકો સમક્ષ ઓર્ગેનિક કૃષિ અર્થાત જૈવિક કૃષિને પ્રાકૃતિક કૃષિથી એકદમ અલગ ગણાવી બંને પદ્ધતિના તફાવત સ્પષ્ટ કર્યા હતા.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે જૈવિક કૃષિમાં શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે, પરંતુ પ્રાકૃતિક કૃષિ જો યોગ્ય પદ્ધતિથી કરવામાં આવે તો ઉત્પાદન ઘટતું નથી. સહકાર વિભાગે દરેક ખેડૂતો સુધી આ વાતને પહોંચાડીને તેઓને પ્રાકૃતિક ખેતી તરફ વળવાના પ્રયાસો કરવા જોઈએ એમ રાજ્યપાલશ્રીએ સૂચનો પણ કર્યા હતા.

ઠંડીમાં ઘટાડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચમકારો વર્તાય છે. જયારે દિવસનુ તાપમાન પણ ૨૮ થી ૩૦ ડીગ્રી વચ્ચે આવી જતા શહેરીજનો દિવસે ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. બપોરના સમયે હવે ઓફિસ અને ઘરોમાં પંખા ચાલુ કરવા પડે છે. ગઈકાલની સાપેક્ષમાં પણ ઠંડીમાં ૧.૭ ડીગ્રીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. જયારે આજે દિવસનુ તાપમાન ૨ ડીગ્રી ઘટી ગયુ હતુ. જો કે હવાનાન નિષ્ણાંતોના મતે હવે ઠંડીની અસર ઓછી જોવા મળશે જયારે ફેબ્રુઆરીના અંતમાં ગરમીનો પારો ઉંચકાશે.

બ્લોક તોડવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિન ઉપયોગી આવાસોના લીધે નવા આવાસો માટે જગ્યા પણ ખુલ્લી થતી નથી. શહેરના સે-૧૩ માં પણ અન્ય સેકટરોની જેમ ભયજનક મકાનોની સંખ્યા વિશેષ છે. સેકટરમાં સ્થિત જ અને ચ-૧ કક્ષાના મકાનો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે જેના લીધે આ મકાનો તોડવા માટે તંત્ર કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી છે. સેકટરમાં જ અને ચ-૧ કક્ષાના અંદાજિત ૧૮ જેટલા બ્લોક તોડવા માટે દરખાસ્ત કરાઈ છે. જયારે આગામી દિવસોમાં આ દરખાસ્તને મંજરી આપી દેવાયા બાદ તંત્ર કક્ષાએથી જુના અને જર્જરિત આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરાશે. એકબાજુ રહેણાંકને યોગ્ય આવાસો પુરતા ઉપલબ્ધ ન હોવાથી તંત્ર માટે જોખમી મકાનો ખાલી કરાવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જયારે ખાલી મકાનોના અભાવે આવાસો તોડવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. શહેરના સે-૬ માં હાલ નવા આવાસો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. પરંતુ સ્થળ પસંદગીના અભાવ નવા આવાસો બાંધવા માટે આયોજન કરી શકાયુ નથી. સેકટરોમાં સ્થિત જુના આવાસોમાં પોપડા ખરવા સહીતની ફરિયાદોથી પણ રહીશો તોબા પોકારી ગયા છે. વરસાદી દિવસોના અંતે આ પ્રકારની ફરિયાદો વધુ ઉઠવા પામે છે. સે-૧૩ માં પણ હાલ અસ્તિત્વ ધરાવતા મકાનો દાયકાઓ જુના છે. જયારે સમય જતા હવે આ આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આ આવાસો તોડવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ આ મામલે સરકાર કક્ષાએથી હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી.

જાહેરાત અનિવાર્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જમીનને અનુલક્ષી મોટા ખેડુતમાં ગણના થાય છે. આ મુજબ જિલ્લામાં નાના ખેડુતોની સંખ્યા વધુ છે. તેમને ઉત્પાદનમાં વધુ રસ હોય છે. ત્યારે નાના ખેડુતો માટે પ્રયોગો કરવા પણ મુશ્કેલ હોય છે. ત્યારે નાના ખેડુતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે ખેડુતોને સહાયની જાહેરાત કરવામાં આવે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. જેના લીધે આમ નાગરિકોને પણ આરોગ્યની દ્રષ્ટીએ ફાયદો કરે તેવા ખેત ઉત્પાદનો મળી શકે છે.

ખરીદી શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેચાણ કરવા માટે ૫૮૯ ખેડૂતો દ્વારા રજીસ્ટ્રેશન કરાવાયું છે. જ્યારે રાંધેજા કેન્દ્ર પર મગફળી માટે ૬૯૫ અને ડાંગર માટે ૫૫૨ ખેડૂતો દ્વારા રજીસ્ટ્રેશન થયું છે. કૃષિ વિભાગ દ્વારા આગામી દિવસોમાં ચણા, રાયડો અને તુવેરની ખરીદી પણ ટેકાના ભાવથી કરાશે. જેની પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઈ છે. ટેકાના ભાવ નક્કી થઈ જાય ત્યાર બાદ ખરીદી કરવા માટેના સેન્ટરની પસંદગી કરાશે અને ખરીદી ચાલુ કરવામાં આવશે. ટુંક સમયમાં ખેડૂતો જણસનું વેચાણ ટેકાના ભાવથી કરી શકશે, તેમ પણ સુત્રો પાસેથી મળેલી માહીતીના આધારે જાણવા મળ્યું છે.

૯૧ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દીઓ પૈકી મોટાભાગના હળવા લક્ષણો ધરાવતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. શહેરમાં કોરોનાના સંક્રમણ વચ્ચે પણ કોવિડના નિયમોનુ પાલન થતુ નથી જાહેર ઠેકાણે ભીડના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે મોં પર માસ્ક લગાવાના મામલે પણ નગરજનો હવે બિન્દાસ્ત બની ગયા છે. એકબાજુ લગ્નસરાની સિઝન પણ નિખરી છે ત્યારે કોવિડનુ વધુ સંક્રમણ ન ફેલાય તે માટે વધુ સાવધ રહેવાની અનિવાર્યતા છે. શહેરમાં આજે ૩૮૧ દર્દીઓને ડીસ્ચાર્જ અપાયુ છે. નવા નોંધાતા કેસ સામે રીકવર થતા દર્દીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. ન્યુ ગાંધીનગર સહીત સેકટરોમાં પણ કોરોનાના કેસ નોંધાતા નાગરિકોએ બેદરકારી દાખવવી ન જોઈએ તેવો તબીબી મત પણ ઉઠવા પામ્યો છે.

મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાગ્યા સુધી ૫૮.૫૧% મતદાન - મેરઠમાં સાંજે ૫ વાગ્યા સુધી ૫૮.૫૨% મતદાન - મુઝફ્ફરનગરમાં સાંજે ૫ વાગ્યા સુધી ૬૨.૧૪% મતદાન - શામલીમાં સાંજે ૫ વાગ્યા સુધી ૬૧.૭૮% મતદાન થયું. ગાઝિયાબાદ વિધાનસભામાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કુલ ૫૫.૩૧% મતદાન નોંધાયું હતું. લોની વિધાનસભા ૫૭.૬૦%, મુરાદનગર વિધાનસભા ૫૭.૩૦%, સાહિબાબાદ વિધાનસભા ૪૫%, ગાઝિયાબાદ શહેર વિધાનસભા ૫૦.૪૦%, મોદીનગર વિધાનસભા ૬૩.૫૩%, ધૌલાના આંશિક ૫૮% મતદાન નોંધાયું. ગૌતમ બુદ્ધ નગરમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી મતદાનની વિધાનસભા મુજબની ટકાવારી, નોઈડામાં ૪૮%, દાદરીમાં ૫૬%, જેવરમાં ૬૦.૩%, કુલ ૫૩.૪૮% મતદાન થયું.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ